વૃક્ષોએ નવા લીલાછમ્મ પર્ણના શણગાર સજ્યા

રણાસણ પાસે બંધ ફાટકમાં બાઈક ઘુસી જતા એકનું મોત

ગાંધીનગર રહેતો આશાસ્પદ યુવાન મિત્રોને બાઈક પાછળ બેસાડીને એસ.પી.રીંગ રોડ પરથી જઈ રહ્યો હતો ત્યારે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે દાદા-દાદી સાથે ભાડાના મકાનમાં રહેતો આશાસ્પદ યુવાન સોમવારે રાત્રે બાઈક પર તેના મિત્રોને બેસાડીને સરકાર પટેલ રીંગ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન રણાસણ રેલવે ફાટક બંધુ હતું તે બંધ ફાટક ન દેખાતા બાઈક ઘુસી ગયું હતું અને ત્રણેય મિત્રો ઘવાયા હતા. આ અકસ્માતમાં સારવાર દરમિયાન સે-૩માં આશાસ્પદ યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. મળતી માહિતી મુજબ પંચમહાલથી તે યુવાન દાદા દાદી સાથે ગાંધીનગર સારી શાળામાં અભ્યાસ કરવા આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મુળ પંચમહાલના લુણાવાડા વિસ્તારમાં રહેતો સૌરીન જગદીશભાઈ પટેલ ગાંધીનગરમાં સારી શાળામાં અભ્યાસ કરવા આવ્યો હતો તેના દાદા દાદી પણ તેની સાથે સે-૩-બી પ્લોટ નં. ૨૮૯/૨ ખાતે મકાન ભાડે રાખીને રહેતા હતા. તાજેતરમાં તેની ધો-૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ અને હવે ગુજકેટની પરીક્ષાની તૈયારી કરતો હતો દરમિયાન સોમવારે તેના બે મિત્રોને બાઈક પાછળ બેસાડીને સૌરીન સરદાર પટેલ રીંગ રોડ પરથી રાત્રીના સમયગાળામાં જઈ રહ્યો હતો ત્યારે રણાસણ ફાટક બંધ હતુ પરંતુ તેને અંધારામાં બંધ ફાટક ન દેખાતા અથડાઈ ગયો હતો. આ અકસ્માતમાં ત્રણેય મિત્રો ઘાયલ થયા હતા. પરંતુ સૌરીનને ગંભીર ઈજાઓ થવા પામી હતી. દરમિયાન ગઈ કાલે સારવાર દરમિયાન તેનું હોસ્પિટલમાં મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

@ગાંધીનગર

● સેકટર-૧૩-સી વસાહત મંડળ તથા ગજ્જર પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે વિનયભાઈ ગજ્જરના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૪૧/૧, સે-૧૩-સી ખાતે શ્રધ્ધા સુમન અને ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે વૈજનાથ મંદિર સે-૨૧ ખાતે મંડળનો લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ દ્વારા સાંજના ૫ થી ૮ કલાક દરમિયાન સે-૩-ડી, સાંઈ મંદિર ખાતે નિઃશુલ્કપણે આંખનો કેમ્પ યોજાશે.

● સેકટર-૭ સરકારી આયુર્વેદ દવાખાના ખાતે ગુરૂવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન નિઃશુલ્કપણે આયુર્વેદ પધ્ધતિથી વંધ્યત્વ નિવારણ ઓપીડી શરૂ થશે.

વાતવાતમાં

● મંગળવારે રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ વાવોલ પંથકમાં લાઈટો ગુલ થઈ જવા પામી હતી. એસીની આદત ધરાવતા ઘણા નાગરિકોએ થોડી વાર વિજળી આવવાની રાહ જોઈ પરંતુ અંતે અકળાઈને ઘરની બહાર નીકળી ગાડીમાં એસી ચાલુ કરી તેમાં સૂઈ ગયા હતા.

● ગાંધીનગર મનપાની કચેરી દ્વારા અપાતા જન્મના પ્રમાણપત્રમાં કાયમી સરનામાની વિગતની કોલમમાં 'મરણ જનારનું સરનામું' તેવું ભૂલથી છપાયેલ છે જેથી તેને છેકીને સુધારીને પ્રમાણપત્ર ઈશ્યુ કરાય છે. ગંભીર કહી શકાય તેવી આ ભૂલ સાથે અત્યાર સુધીમાં આશરે ૨ હજારથી વધુ પ્રમાણપત્રો ઈશ્યુ થઈ ચૂકયા છે અને પાસપોર્ટ જેવા અગત્યના દસ્તાવેજની પ્રક્રિયામાં છેકછાક વાળુ પ્રમાણપત્ર માન્ય ગણાતું નથી.

● ઉનાળાની ગરમી ધીમે ધીમે આકરું સ્વરૂપ પકડતી જાય છે જેના કારણે માસિક બિમારીથી પીડાતા રોગીઓ પર દર્દનો પ્રભાવ વધવાથી વધુ પ્રમાણમાં બેબાકળા બનવાની કે અકળાઈને આકોશમાં આવી જવાની સમસ્યા વધુ જોવા મળી રહી છે. આ કારણે અત્યારે સિવિલ હોસ્પિટલ સહિત શહેરના સાઈકિયાટ્રકી તબીબોને ત્યાં દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્યસભા તા. ૬ઠ્ઠી મેએ મળશે. જેમાં મેયરની પસંદગી કરાશે. આ વખતે ચુંટણીના પરિણામોમાં ભાજપ-કોંગ્રેસ બંનેને ૧૬-૧૬ બેઠકો સાથે 'ટાઈ' પડી હોવાથી હવે નવા મેયર કોણ બનશે તે અંગે શહેરમાં ચોરે અને ચૌટે ચર્ચાઓએ જોર પકડયું છે અને નગરજનો અનેક તર્ક વિતર્કો રજૂ કરી રહ્યા છે.

સે-૨૨માં યુવાનની વાછરડી સાથે અજબ દોસ્તી બંધાઈ

દરરોજ રાત્રે ૯ વાગે વાછરડી તેના ઘરે આવી જાય છે : યુવાન તેને બ્રેડનું એક પેકેટ ખવડાવે પછી બંને મસ્તીએ ચઢે છે : બુલફાઈટની જેમ એકબીજાને ભેટા પણ મારે છે

ગાંધીનગર, તા.૪

એવું કહેવાય છે કે આજના યુગમાં માનવીને માનવી સાથે દોસ્તી તો ઠીક વાત કરવાનો પણ ટાઈમ નથી. સ્માર્ટ ફોન હાથવગાં આવ્યા પછી સોશ્યલ મિડીયાએ એવો ભરડો લીધો છે કે એક જ ઘરમાં રહેતી બે વ્યકિતઓ 'ઓનલાઈન' મેસેજથી વાત કરે છે. એમાં પણ યુવાનો માત્ર વ્હોટસએપ કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર જ રચ્યા પચ્યા રહે છે તેવા આક્ષેપ તેમની પર છાશવારે કરવામાં આવે છે. આ ઓનલાઈન યુગના જમાનામાં એક યુવાનની ગાય સાથે દોસ્તી બંધાય તેવી વાત અચરજ પમાડે તેવી છે. સે-૨૨માં આ દોસ્તીની ઘટના છેલ્લા ૨૦ દિવસથી બની રહી છે જેને જોઈ અનેક નગરજનો અચંબામાં મુકાઈ રહ્યાં છે.

સેકટર-૨૨માં પંચદેવ મંદિર રોડ પર આવેલા એક ખાનગી મકાનમાં રહેતા ૨૦ વર્ષ યુવાન જવલ દવેની ગાયની વાછરડી સાથે દોસ્તી બંધાઈ છે. તાજેતરમાં જ સિવિલ એન્જિનીયરીંગમાં ડિપ્લોમા પૂર્ણ કરનારા આ યુવાનના ઘરની નજીકમાં વસતા એક ભરવાડના ઘરે ગાય અને તેની વાછરડી પાળેલી છે. આશરે છ માસની આ વાછરડી ચરવા માટે સેકટરમાં ફરી રહી હતી ત્યારે જવલ દવે ઘરની નજીકમાં એક દાબેલી વડાપાઉંની લારીએ નાસ્તો કરી રહ્યો હતો. આ વાછરડી તેમની પાસે આવતા તેને જીવદયા વશ લારી પરથી લઈને એક બ્રેડ ખવડાવી હતી. બસ ત્યારથી આ વાછરડીને કયાં તો બ્રેડ ભાવી ગઈ અથવા જવલની દોસ્તી ગમી ગઈ હોય, દરરોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ જવલના ઘરે અચૂક હાજર થઈ જાય છે. જવલને પણ આ વાછરડી સાથે એવી માયા બંધાઈ છે કે દરરોજ તેને એક આખું બ્રેડનું પેકેટ ખવડાવે છે અને પછી તેની સાથે મસ્તી કરે છે

જવલ અને વાછરડીની દોસ્તી એવી છે કે બંનેને મસ્તી કરતા આસપાસના રહીશો આશ્ચર્યથી જોઈ રહે છે. કયારેક જવલ વાછરડી પર બેસી જાય છે તો કયારેક તેના કાન ખેંચે છે. કયારેક તો બંને 'બુલ ફાઈટ' કરતા હોય તેમ એકબીજાને 'ભેટા' મારે છે. આશરે ૨૦ થી ૨૫ મિનિટ સુધી રોજ આ મસ્તી ચાલે છે. પછી જ વાછરડી પોતાના માલિકના ઘરે પરત ફરે છે. આજના યુગમાં એક નવ યુવાનની ગાય જેવા અબોલ પ્રાણી સાથેની દોસ્તી જોઈ એમ કહેવાનું જરૂર મન થાય કે આજની પેઢી હજુ પણ મૂંગા પ્રાણીઓ પ્રત્યે સંવેદના ધરાવે છે.

કૈલાસ માનસરોવરના યાત્રિઓ જોગ

ગાંધીનગર, તા.૪

કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા દર સાલની જેમ આ વખતે આગામી તા. ૮મી મે ને રવિવારના રોજ કૈલાસ માનસરોવરના યાત્રિઓનું માર્ગદર્શન તથા શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા તેમજ ખાનગી રાહે કૈલાસ માનસરોવરની યાત્રાએ જતા યાત્રિઓએ સત્વરે તેમના નામ અને મોબાઈલ નં.ની જાણ સમિતિના ક્રિષ્ણકુમાર રાણાના મો. ૯૪૨૭૪ ૧૯૦૧૨ અને વિપીનભાઈ પંડયા મો. ૯૪૨૬૬૧૪૯૧૦ પર સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત સમિતિ દ્વારા બપોરે ૩ થી ૭ કલાક સુધી ભોળા ભગવાનની આરતીનું પણ આયોજન કરાયું છે.

સે-૩૦ મુકિતધામ ખાતે વિશ્વકર્માની મૂર્તિનું અનાવરણ કરાશે

ગાંધીનગર, તા.૪

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સૃષ્ટિના સર્જનહાર વિશ્વકર્મા પ્રભુની મૂર્તિ મુકિતધામ, સેકટર-૩૦ ખાતે સ્થાપિત કરવામાં આવી છે. જેનો અનાવરણનો કાર્યક્રમ આગામી તા. ૬ઠ્ઠી મેને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ કચરાભાઈ સુથારે સૌને હાજર રહેવા અનુરોધ કર્યો છે.

અચાનક ટાયર ફાટતા મીની ટ્રક બાઈક સાથે ટકરાઈ

દહેગામ-નરોડા હાઈવે પર વડોદરા ગામ પાસે બનેલી ઘટના : બાઈક પર જતું દંપતિ ઘાયલ : પત્નિનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૪

દહેગામ-નરોડા હાઈવે પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલી મીની ટ્રકનું ગઈ રાત્રે અચાનક ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દીધો અને મીની ટ્રક ફંગોળાઈને સામેથી આવતા બાઈક સાથે ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર દંપતિ ગંભીર રીતે ઘવાયું હતું. જેમાં પત્નિનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ રાયપુર ગામમાં રહેતા ઈલાબેન રાજુજી ડાભી અને તેમના પતિ રાજુજી સહુજી ડાભી બંને બાઈક નં. જીજે ૧૮ સીસી ૬૭૦૪ લઈને નરોડા-દહેગામ હાઈવે પરથી ગઈ રાત્રે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન ધસમસતી આવતી મીની ટ્રક નં. જીજે ૯ એકસ ૯૪૪૫નું ટાયર એકાએક ફાટતા મીની ટ્રક બાઈકમાં ઘુસી ગઈ હતી જેને પગલે ઈલાબેન અને રાજુજી બંને ગંભીર રીતે ઘવાયા હતા આ અકસ્માતમાં ઈલાબેનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે રાજુજીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ડભોડા પોલીસે મૃતકના ભાઈ લક્ષ્મણસિંહ રાઠોડની ફરિયાદને આધારે ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરીએ ગુનો નોંધી ગુનાની તપાસ શરુ કરી છે.

જનસેવા કેન્દ્રમાં આવકનો દાખલો અને નોન ક્રિમીલેયર સર્ટી. માટે અરજદારોની ભીડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જનસેવા કેન્દ્ર ખાતે અત્યારે હાલ નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ અને આવકના દાખલા માટે દિવસના અંદાજે ૫૦૦ થી વધુ અરજદારો આવતા કેન્દ્ર ખાતે ભારે ભીડ જોવા મળે છે. શહેરમાં વરસી રહેલી કાળઝાળ ગરમીમાં પણ અરજદારો કલાકો સુધી ઉભા રહીને સર્ટી.માટે પસીનો વહાવી રહ્યા છે. ત્યારે સર્ટીફિકેટ ઝડપી મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવે તેમ અરજદારો ઈચ્છી રહ્યા છે.

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે જાહેરાત પ્રસિધ્ધ થઈ છે. ઉમેદવારો લાયકાત મુજબ ઓનલાઈન ફોર્મ ભરી ઉમેદવારી નોંધાવી રહ્યા છે. ત્યારે ઓબીસીમાં સમાવિષ્ટ તમામ જ્ઞાતિના ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં ફરજીયાત પણે નોન-ક્રિમિલેયર સર્ટી.નો નંબર નાંખવો પડે છે. આથી પિતાની અથવા પોતાની વાર્ષિક આવકની મર્યાદા માટે અરજદારે ફરજીયાત પણે નોન-ક્રિમિલેયર સર્ટી લેવું પડે છે. ગ્રામ્ય વિસ્તારમાં તલાટી પાસે થી જયારે શહેરી વિસ્તારમાં મામલતદાર પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવુ પડે છે. અગાઉ દર વર્ષે અરજદારોએ આ ક્રિમિલેયર સર્ટી કઢાવવુ પડતુ હતું પરંતુ રાજય સરકાર દ્વારા આ ક્રિમિલેયરની મર્યાદામાં એક ને બદલે ત્રણ વર્ષ કરતા આ સર્ટીફિકેટ નીકાળવા માટે જનસેવા કેન્દ્રમાં અરજદારોની ભારે ભીડ જોવા મળી રહી છે. અરજદારે કલાકો સુધી લાંબી લાંબી કતારોમાં ઉભા રહી દાખલો કઢાવવો પડે છે. જયારે આ દાખલો કાઢી આપનાર કોમ્પ્યુટર ઓપરેટર અને કર્મચારીઓની ઢીલી નિતીને કારણે દિવસમાં ગણ્યાગાંઠ્યા જ સર્ટીફિકેટ નીકળી શકે છે જેથી દુર દુરથી આવતા અરજદારોમાં ભારે રોષ જોવા મળ્યો છે. સત્વરે ઉચ્ચ કક્ષાએથી નબળી કામગીરી કરનાર કર્મચારી સામે કાર્યવાહી કરી દિવસ દરમ્યાન વધુમાં વધુ ક્રિમિલેયર સર્ટી કાઢી આપવામાં આવે તે માટે અરજદારો માંગ કરી રહ્યા છે.

ગુજરાતને સીએસટી તથા સોલાર કુકરની ઉત્કૃષ્ટ કામગીરી બદલ બે એવોર્ડ

સરકાર વતી જેડાના નિયામક જે.ટી.અખાણી(આઈએએસ)એ એવોર્ડ સ્વીકાર્યો

ગાંધીનગર, તા.૪

મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી (એમએનઆરઈ) નવી દિલ્હી દ્વારા તાજેતરમાં હોટલ અશોકા ન્યું દિલ્હી ખાતે કેન્દ્રના ઉર્જા રાજય મંત્રી પિયુષ ગોયલના હસ્તે ગુજરાતને કોનસ્ટ્રેટેડ સોલર ટેકનોલોજી (સીએસટી) તથા સોલાર કુકરની ઉત્કૃષ્ટ કામગીરી બદલ એકસલન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જે એવોર્ડ સરકાર વતી જેડાના નિયામક જે.ટી.અખાણી (આઈએએસ)એ સ્વીકાર્યો હતો.

કોનસ્ટ્રેટેડ સોલાર ટેકનોલોજી આધારીત સાધનો દ્વારા અરિસા તેમજ કાચના ઉપયોગથી સૂર્યના કિરણોને કેન્દ્રીત કરી ૧૦૦ અંશ થી ૩૫૦ અંશ

સેલ્શીયસનું તાપમાન મેળવી શકાય છે. આ તાપમાન દ્વારા પાણીનું વરાળમાં રૂપાંતર કરી અથવા તો થર્મીક ફલયુડને ઉંચા તાપમાને ગરમ કરીને શૈક્ષણિક સંકુલો, હોટલો, એન્જીનિયરીંગ, ઓટો મોબાઈલ, રસાયણ ઉદ્યોગ, દવા ઉદ્યોગ, ફુડ પ્રોસેસીંગ, કાગળ ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ જેવા ઉદ્યોગોમાં ઉપયોગ લઈ શકાય છે. કોનસ્ટ્રેટેડ સોલાર ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વિવિધ જરુરીયાત જેવી કે સામુહિક રસોઈ, એરકન્ડીશનીંગ પ્રોસેસ હિટ, સ્ટર લાઈઝેશન, બોઈલરમાં ગરમ પાણી ડીસ્ટીલેશન, બ્લીચંગડ્રાયીંગ માટે થાય છે. દિલ્હી ખાતે આયોજીત કાર્યક્રમમાં ગુજરાતની ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાની પસંદગી બે સ્પેશીયલ એવોર્ડ માટે કરવામાં આવી છે. જેમાં કેટેગરી ૧માં મહત્તમ સંખ્યામાં પ્રસ્થાપિત સીએસટીમાં ગુજરાત રાજયને પ્રથમ નંબર (૪૧ પ્રોજેકટ) તથા કેટેગરી ૨માં પ્રસ્થાપિત સીએસટીના મહત્તમ ક્ષેત્રફળમાં ગુજરાત રાજયને દ્વીતિય નંબર (૬૭૭૫ ચો.મી.) પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે જેડાના નિયામક જે.ટી.અખાણી આઈ.એ.એસ. તથા સીનીયર પ્રોજેકટ એકઝીકયુટીવ જેડા ના એસ.જે.રૂપારેલ હાજર રહ્યા હતા.

નભોઈ પાસે થયેલી લૂંટમાં વોન્ટેડ સહ આરોપી પકડાયો

લુંટ કરવાનો પ્લાન ઘડનાર અજીત બારોટ આખરે એલસીબીના સકંજામાં

ગાંધીનગર, તા.૪

ત્રણેક માસ પહેલા નભોઈ કેનાલ પુલ પરથી પસાર થઈ રહેલા સોનાના દાગીનાની ઘડામણ કરતા વેપારીને આંતરીને આંખમાં મરચાની ભુકી નાંખી રૂ. ૧૨.૧૩ લાખની લુંટ ચલાવવામાં આવી હતી. આ ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે દબોચી લીધી હતી. આ ગુનાનો પ્લાન ઘડનાર શખ્સ નાસતો ફરતો હતો તે આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી જતા તેની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબીની ટીમે નભોઈ ખાતે થયેલી ચકચારી લુંટનો ભેદ ઉકેલી નાંખ્યો હતો જે પકડાયેલ આરોપીઓની પુછપરછમાં બહાર આવ્યું હતું કે લુંટનો પ્લાન ઘડનાર દહેગામના પાટના કુવા વિસ્તારનો અજીત ઉર્ફે અજીતસિંહ અમરતભાઈ બારોટ હતો. પરંતુ તે દિવસે અજીત બહાર હોવાથી લુંટ કરવા હાજર રહ્યો ન હતો. ત્યારથી નાસતા ફરતા અજીત બારોટને આખરે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેની ટીમે પકડી પાડયો છે. બાતમીને આધારે એલસીબીની ટીમે પ્રેસ સર્કલ પાસેથી અજીત બારોટને દબોચી લઈ તેની ધરપકડ કરી સઘન પુછપરછ આરંભી છે.

વૃક્ષોએ નવા લીલાછમ્મ પર્ણના શણગાર સજયા

પાનખર પછી વૃક્ષોનું આકર્ષક રૂપરંગ, સમગ્ર શહેરમાં હરીયાળી છવાઈ, બળબળતા તાપમાં શીતળતાનો અહેસાસ

ગાંધીનગર, તા.૪

પાનખરમાં વૃક્ષોએ પોતાના પાંદડા ત્યજી દેતાં સમગ્ર માહોલ સુક્કો ભઠ્ઠ ભાસતો હતો. પરંતુ પોતાના જુના વસ્ત્રો ત્યજી નવા વસ્ત્રો પહેર્યા હોય તેમ હાલ વૃક્ષોએ નવા લીલા છમ્મ પર્ણના શણગાર સજી લેતાં વાતાવરણ ખુશનુમા બની ગયું છે. શહેરમાં લીલા ચાદરની ઓઢણી વૃક્ષોએ ઓઢી લેતાં હરીયાળી છવાઈ ગઈ છે. કાળઝાળ ગરમીમાં વૃક્ષોના નવા રૂપરંગ આકર્ષક બની શીતળતાનો અહેસાસ કરાવી રહ્યા છે જેને મહેસુસ કરી શહેરીજનો વૃક્ષોના છાંયે બે ઘડી ઉભા રહવા કે બેસવાનો મોકો મેળવી રહ્યા છે.

કુદરતની લીલા અપરંપાર હોય છે જેની અનુભતિ શહેરીજનો હાલમાં વૃક્ષો થકી અનુભવી રહ્યા છે. વર્ષમાં એકવાર વૃક્ષો પોતાના કલેવર બદલી નવા કલેવર અપનાવે છે જેનું નિરતંર નિરીક્ષણ વૃક્ષ પ્રેમીઓ કરીને કુદરતની આ અદભૂત કળાને વંદન કરે છે. રાજયભરમાં હરીયાળા નગર તરીકે પ્રસ્થાપિત થયેલા ગાંધીનગરમાં વૃક્ષોમાં થતા સામાન્ય ફેરફારની નોંધ અચુક લેવાય છે તે રીતે પાનખરમાં સુક્કા ભઠ્ઠ થઈ ગયેલા વૃક્ષોએ નવા લીલાછમ્મ પાંદડાનો શણગાર સજી લેતા તેનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠયું છે.

સૌથી વધુ વૃક્ષો ધરાવતા પાટનગરમાં વૃક્ષોએ કરેલો ફેરફાર શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ચોમેર વિસ્તરેલા વૃક્ષોમાં નવા પર્ણ આવતા સમગ્ર શહેરમાં

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

હરીયાળી છવાઈ ગઈ છે. ઘટાદાર વૃક્ષો, નાના વૃક્ષો અને વિકસતા વૃક્ષોમાં આ પ્રકારની કુદરતી કમાલ વાતાવરણને હળવુ ફુલ બનાવી રહ્યું છે. શહેરના માર્ગોની વચ્ચો વચ્ચ તથા આજુબાજુ વિકસતી પામેલા વૃક્ષો વચ્ચેથી પસાર થતા શહેરીજનો લીલાછમ્મ વૃક્ષોની શીતળતાનો બળબળતા તાપમાં અહેસાસ કરી રહ્યા છે. પાનખરમાં સમગ્ર શહેરમાં સુક્કા પાંદડાઓની ચાદર પથરાઈ ગઈ હતી અને વૃક્ષોની ડાળીઓ ખાલી ખમ્મ ભાસતી હતી જે દેશ્ય શહેરીજનો અપનાવી શકતા ન હતા. પરંતુ કુદરતી ક્રમ મુજબ વૃક્ષોએ નવા પર્ણના શણગાર સજી લેતા શહેરમાં એક જુદી જ પ્રકારની તાજગીનો અહેસાસ થઈ રહ્યો છે. વૃક્ષોના જતનથી માનવ જીંદગીની અનેક મુશ્કેલીઓ દુર થતી હોય છે જેથી આવા વૃક્ષોનું જતન કરીએ, કાળજી રાખીએ અને જીવનને હર્યુંભર્યું બનાવીએ જેને આપણી સૌની નૈતિક ફરજ સમજીએ.

દુઃખદ અવસાન

ઓરણ ગામના વતની અને પેથાપુર નિવાસી દરજી ચેતનભાઈ સોમનાથ, દરજી જગદીશભાઈ સોમનાથના સ્વ. માતૃશ્રી ચંચળબેન સોમનાથ દરજીનું તા. ૧લી મે ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું અને સુંવાળા તા. ૫મી મે ના રોજ સવારે ૮ થી ૧૨ રિદ્ધિ-સિદ્ધિ સોસાયટી, ઉમિયાનગર સોસાયટી સામે પેથાપુરમાં રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. વિનોદભાઈ બચુભાઈ કડીયા, ઉ.વ. ૫૩
- સ્વ. જયોત્સનાબેન મીઠાભાઈ મિસ્ત્રી, ઉ.વ. ૬૫
- સ્વ. દયારામભાઈ ઉમેદરામ ઠકકર, ઉ.વ. ૮૫